ઈમિગ્રેશનઃ ખબર-અંતર

# ડિપાર્ટમેન્ટ ઓફ સ્ટેટ અપડેટઃ જાન્યુઆરી ૨૦૧૭ માટે વિઝા બુલેટિન

ઇબી-૪ અલ સાલ્વાડોર, ગ્વાટેમાલા, હોન્ડુરાસ અને મેક્સિકો. ડિપાર્ટમેન્ટ ઓફ સ્ટેટ ઇબી-૪ કેટેગરીમાં વિશાળ પાયે, ખાસ કરીને અલ



માઈકલ ફુલવાની



ડેવિડ એચ. નાચમેન



લુડકા ઝિમોવચાક

સાલ્વાડોર, ગ્વાટેમાલા, હોન્ડુરાસ અને મેક્સિકોની માગણીને ધ્યાનમાં રાખવાનું ચાલુ રાખ્યું છે. અગાઉ જણાવ્યા મુજબ આ દેશોમાંથી સ્પેશિયલ ઇમિગ્રન્ટ જુવેનાઇલ (એલઆઈજેએસ) વિઝા માટેની મોટા પાયે માગણી થઈ રહી છે.

જાન્યુઆરી, ૨૦૧૭ના વિઝા બુલેટિનમાં આ કેટેગરી માટે ફાઇનલ એક્શન ડેટ્સ આ નાણાકીય વર્ષમાં મોડી થતી જાય છે. આ ક્યારે નક્કી થઈ શકે છે તેના જવાબમાં ડિપાર્ટમેન્ટ ઓફ સ્ટેટે કહ્યું હતું કે આ કેટેગરીમાં યુએસસીઆઇએસ માગમાં દષ્ટિગોચરતાના અભાવના કારણે આની ધારણા કરવી અઘરી છે.

**વ્યાવહારિક વિચારણાઃ** નજીકના ભવિષ્યમાં આગળની હિલચાલની આશા રાખી શકાય તેમ નથી, ત્યારે જે તે વ્યક્તિઓએ તબીબી પરીક્ષણ નક્કી કરતાં અગાઉ આ કેટેગરીમાં સમજદારી દર્શાવી પોતાની પ્રાયોરિટી ડેટ્સ 'કરન્ટ' બને તેની રાહ જોવી જોઈએ.

**ઇબી-૪ સંખ્યાનો ઉપયોગ અને પ્રતિ દેશ વિઝા સંખ્યાની મર્યાદા.** ડિસેમ્બર મધ્યમાં, મેક્સિકો લગભગ ઇબી-૪ પ્રતિ દેશ વાર્ષિક મર્યાદા સુધી પહોંચી ગયું છે, અને ઇબી-૪ અલ સાલ્વાડોર, ગ્વાટેમાલા અને હોન્ડુરાસે પોતાને ઉપલબ્ધ થતી વિઝાની સંખ્યામાંથી લગભગ ૭૫ ટકાનો ઉપયોગ કર્યો છે. જોકે આ દેશોને અન્ય દેશોમાંથી વધારાના 'અન્યથા ન વપરાયેલા વિઝાની સંખ્યા'માંથી લાભ મળશે, કારણ કે અન્ય દેશોમાંથી મહત્ત્વપૂર્ણ (સંયુક્ત) માગ છે.

ભારતે પોતાની ઇબી-૪ પ્રતિ દેશ મર્યાદાનો ૪૦ ટકાથી વધુ ઉપયોગ કર્યો છે, જેમાં ઇબી-૪ ધાર્મિક કામદારો અને કેટલાક સ્પેશિયલ ઇમિગ્રન્ટ જુવેનાઇલ (એલઆઈજેએસ)નો સમાવેશ થાય છે. જો આ પ્રમાણે વિઝાસંખ્યાનો ઉપયોગ ચાલુ રહેશે, તો ડિપાર્ટમેન્ટ ઓફ સ્ટેટ ધારણા રાખે છે કે પાનખરમાં અથવા તો ઉનાળાના મહિનાઓમાં ઇબી-૪ ભારત માટે ફાઇનલ એક્શન કટ-ઓફ ડેટ લાગુ કરવાની જરૂર પડશે.

ઇબી-૧. ચાલુ માગ પર આધારિત, ડિપાર્ટમેન્ટ ઓફ સ્ટેટ સતત એ ધારણા રાખે છે કે આ નાણાકીય વર્ષમાં ઇબી-૧ ભારત અને ઇબી-૧ ચીન માટે ફાઇનલ એક્શન કટ-ઓફ ડેટ લાગુ કરવાની જરૂર પડશે.

ઇબી-૨. ડિપાર્ટમેન્ટ ઓફ સ્ટેટ ઇબી-૨ વર્લ્ડવાઇડ માટે ફાઇનલ એક્શન કટ-ઓફ ડેટ લાગુ કરવાની ધારણા રાખે છે.

ચીને અગાઉથી પોતાની ઇબી-૨ ત્રિમાસિક મર્યાદા વધારી છે, આથી આ કેટેગરીમાં કોઈ મહત્ત્વની હિલચાલ થવાની સંભાવના નથી.

ડિપાર્ટમેન્ટ ઓફ સ્ટેટ એ આશા રાખે છે કે ઇબી-૨ ઇન્ડિયા મે ,૨૦૧૫થી ફાઇનલ એક્શન ડેટ ૨૨મી નવેમ્બર, ૨૦૦૮ સુધી રિકવર થશે. જોકે ઇબી-૩ અપગ્રેડ થવાથી તેની રિકવરી પર નકારાત્મક અસર પડી શકે છે.

ઇબી-૩. ઇબી-૩ વર્લ્ડવાઇડની માગ થોડીઘણી ઓછી થઇ છે, જે જાન્યુઆરીમાં આ કેટેગરી થોડીઘણી વધારવાની ડિપાર્ટમેન્ટ ઓફ સ્ટેટ મંજૂરી આપે છે.

ઇબી-૫. ઇબી-૫ ચીન આ બાબતમાં આગળ રહેવા માગે છે, પરંતુ કેટલાંક અઠવાડિયાં સુધી ખૂબ ધીમી ગતિએ આમ થવાની આશા રાખે છે. ઇબી-૫ વર્લ્ડવાઇડ માટે વિશાળ માગ ઊભી થશે તેમ ડિપાર્ટમેન્ટ ઓફ સ્ટેટ અહેવાલ આપે છે. ઐતિહાસિક રીતે, ચીને આ કેટેગરીમાં ઉપલબ્ધ સંખ્યામાંથી ૮૦ ટકા હિસ્સો કબજે કર્યો છે. ગયા વર્ષે ઇબી-૫ વર્લ્ડવાઇડમાં ચીનનો હિસ્સો ૭૫ ટકા હતો.

આગામી કેટલાક મહિનાઓમાં મેક્સિકો માટે એફ-૪ કેટેગરીમાં 'ફાઇનલ એક્શન' ડેટમાં પ્રગતિ થવાની આશા રાખવા માટે તમારી પાસે સંબંધિત કોઈ અનુમાનો છે?

ડિપાર્ટમેન્ટ ઓફ સ્ટેટ પ્રતિભાવ આપે છે કે જાન્યુઆરીમાં એફ-૪ મેક્સિકો માટે ફાઇનલ એક્શન ડેટ ૧૫મી મે, ૧૯૯૭ રહેશે. આગામી મહિનાઓમાં અરજીકર્તાઓએ ધીમી ગતિથી ચાલતી હિલચાલ માટે આયોજન કરવું જોઈએ. આ કેટેગરીમાં ઉચિત પ્રમાણમાં માગના કારણે બે અઠવાડિયાં સુધી પ્રજા તેની શક્યતા નથી તે અગાઉથી જોઈ શકતી નથી.

અન્ય પરિવાર-આધારિત કેટેગરીમાં, ડિપાર્ટમેન્ટ ઓફ સ્ટેટ અહેવાલ આપે છે કે એફ-૪ ચીન અને એફ-૪ ભારત સ્થિરતાપૂર્વક આગળ વધવાનું ચાલુ રાખશે.

આ અંગે વધુ માહિતી માટે તમે અમારા ઇમિગ્રેશન એન્ડ નેશનાલિટી લોયર્સ અથવા એટર્નીઝ સાથે વાત કરી શકો છો, નાચમન ફુલવાની ઝિમોવેક (એનપીઝેડ) લો ગ્રુપ, પી. સી.નો ઈ-મેઇલ info@visaserve.com પર સંપર્ક કરી શકો છો અથવા ૨૦૧-૬૭૦-૦૦૦૬ (૧૦૭) પર ફોન કરી શકો છો.